# ૨. લિક્વિડેટર ના હિસાબો

૧. એક કંપની સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તેનાં બિનસલામત દેવાં રૂ. ૪,૪૦,૦૦૯ હતાં. પસંદગીના લેણદારોને નાણાં ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે વધેલ રોકડ રૂ. ૧,૮૩,૬૦૦ છે. લિક્વિડેટરને મહેનતાણા તરીકે પસંદગીના લેણદારો સહિત બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% રકમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. લિક્વિડેટરને મહેનતાણા તરીકે કેટલી રકમ મળશે?

૨. એક કંપની ફડચામાં જતાં તેની મિલકતો વેચતાં રૂ. ૯,૦૦,૦૦૦ મળ્યા અને રૂ. ૧૦,૨૦,૦૦૦ ચૂકવવાપાત્ર છે, જેમાં રૂ. ૩૦,૦૦૦ પસંદગીના લેણદારોનો સમાવેશ થાય છે. લિક્વિડેટર તેણે વેચેલ મિલકતની મળેલ રકમના ૩% અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% લેખે મહેનતાણું મેળવવા હકદાર છે. લિક્વિડેટરના મહેનતાણાની ગણતરી કરો.

૩. કંપનીના વિસર્જન સમયે એક કંપનીના ચોપડામાં બિનસલામત લેણદારોની બાકી રૂ. ૩,૨૯,૬૦૦ હતી. લિક્વિડેટર પાસે માત્ર રૂ. ૨,૪૨,૨૫૦ હતા. લિક્વિડેટર બિનસલામત લેણદાર ચૂકવેલ રકમ પર ૨% લેખે મહેનતાણું મેળવવા હક્કદાર છે. લિક્વિડેટરનું મહેનતાણું ગણો અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમની ગણતરી કરો. આખરી ડિવિડન્ડનો દર ગણો.

૪. પસંદગીના લેણદારોની રકમની ગણતરી કરો :

૧) ૪ કારકુનનો છેલ્લા બે મહિનાનો પગાર, દરેકનો માસિક પગાર રૂ. ૧૧,૦૦૦ લેખે.

૨) પ્રોવિડન્ટ ફંડ રૂ. ૨૧,૦૦૦, કર્મચારી કલ્યાણ ફંડ રૂ. ૫૯૮૦

૩) મ્યુનિસિપલ વેરા ચાલુ વર્ષના રૂ. ૯,૭૫૦.

૪) ડિરેક્ટર ફી રૂ. ૮૭૯૦

૫) બે વર્ષ પહેલાંનો આવકવેરો બાકી રૂ. ૩૫,૯૫૦.

૫. નીચેની વિગતો પરથી પસંદગીના લેણદારો અને બિનસલામત લેણદારો શોધો:

(૧) કુલ કાનૂની ખર્ચા રૂ. ૭૯,૯૦૦, જેમાં નીચેની રકમનો સમાવેશ થાય છે:

(અ) મિલકતોની ઊપજ પર ૨% લેખે અને બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ (પસંદગીના લેણદારો સહિત) પર ૧.૫% લેખે લિક્વિડેટરનું મહેનતાણું.

(બ) લિક્વિડેશન ખર્ચા રૂ. ૨૦,૦૦૦.

(૨) બૅન્ક સિલક રૂ. ૨,૭૫,૦૦૦.

(૩) મિલકતોની ઊપજ રૂ. ૨૫,૦૦,૦૦૦.

(૪) પસંદગીના લેણદારો બિનસલામત લેણદારોના ૧૦% જેટલા છે.

૬. એક કંપનીનું વિસર્જન થયું ત્યારે બિનસલામત દેવું રૂ. ૫૦,૦૦૦ હતું. તે ઉપરાંત નીચેનાં દેવાં પણ ચૂકવવાપાત્ર હતાં :

(૧) છેલ્લા નાણાકીય વર્ષના મ્યુનિસિપલ વેરા-રૂ.૧૦૦૦

(૨) બે વર્ષ પહેલાંનો વેચાણવેરો-રૂ.૨૦૦૦

(૩) ડિરેક્ટરની ફી ચૂકવવાની બાકી-રૂ.૧,૫૦૦

(૪) છૂટા કરવામાં આવેલ કામદારોને રજાનો છેલ્લાં ત્રણ વર્ષનો પગાર-રૂ.૩,૦૦૦

(૫) કર્મચારી રાજ્ય વીમા યોજના હેઠળ છેલ્લાં બે વર્ષની ચૂકવવાપાત્ર રકમ ૧,૬૦૦ (ગયા વર્ષના રૂ. ૧,૦૦૦ + અગાઉના વર્ષના રૂ. ૬૦૦)

(૬) બે કારકુનનો છેલ્લા ત્રણ માસનો પગાર-રૂ.૨૦,૦૦૦

પ્રેફરન્શિયલ દેવાં અને બિનસલામત દેવાં શોધો.

૭. રાહુલ લિ.નું તા.૩૧-૧૨-૨૦૨૫ ના રોજ વિસર્જન કરવામાં આવ્યું. તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શેરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : A ૧૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, રૂ.૮૦ ભરપાઈ | | ૮૦,૦૦૦ |
| B ૭૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, રૂ.૬૦ ભરપાઈ | | ૪૨,૦૦૦ |
| C ૮૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, રૂ.૪૦ ભરપાઈ | | ૩૨,૦૦૦ |
| ૧૦૦૦, ૭%ના પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરપાઈ | | ૧,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો: નફા-નુકસાન ખાતું | | (૭૦,૦૦૦) |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૫%નાં ગીરો ડિબેન્ચર | | ૨૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં : | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | ૧,૩૦,૦૦૦ |
| (બ) અન્ય ચાલુ દેવાં : ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | | ૧,૦૦૦ |
| પસંદગીના લેણદારો | | ૫૦૦૦ |
| કુલ સરવાળો | | ૩,૪૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br>(૧) દૃશ્ય મિલકતો : જમીન-મકાન | | ૧,૧૨,૦૦૦ |
| યંત્રો | | ૭૪,૦૦૦ |
| (બ) બિનચાલુ રોકાણો | | ૬૮,૦૦૦ |
| (ક) અન્ય બિનચાલુ મિલકતો: પ્રાથમિક ખર્ચ | | ૭૫૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | | ૧૫,૦૦૦ |

| | | |
|---|---|---|
| (બ) વેપારી લેણાં: દેવાદારો | | ૩૬,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો: રોકડ અને બેંક બાકી | | ૨૭,૫૦૦ |
| કુલ સરવાળો | | ૩,૪૦,૦૦૦ |

વધારાની માહિતી:

૧. મિકલતોની ઉપજ-

જમીન મકાન- રૂ.84 ,400, યંત્રો- રૂ.36 ,000, સ્ટોક- રૂ.9 ,100 અને દેવાદારો- રૂ.28 ,500. લેણદારોમાંથી રૂ. 65 ,000 ના લેણદારોને ત્યાં રોકાણો ગીરવે છે, જે તેમણે 71,000 રૂ. માં વેચ્યા અને વધારો લિકિવડેટરને આપ્યો છે.

૨. રૂ. 25,000 ના લેણદારોને 3% ઓછા તથા રૂ. 10,000 ના લેણદારોને 35% ઓછા ચૂકવ્યા અને બાકીનાને પૂરેપૂરા ચૂકવ્યા.

૩. ડિબેન્ચર હોલ્ડરોને તા. 30/06/2025 ના રોજ નાણા ચૂકવ્યા.

૪. લિક્વિડેશન ખર્ચ રૂ.6795 થયો.

૫. લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમના 3% (સલામત લેણદારો પાસેથી મળેલા વધારા સિવાય) અને પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના 2% લેખે ગણવાનું છે. લિકિવડેટરનું આવક- જાવકનું પત્રક તૈયાર કરો.

૮. મહેક લિ.નું તા.૩૧-૧૨-૨૦૨૫ ના રોજ વિસર્જન કરવામાં આવ્યું. તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શેરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : ૨૫૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, પૂર્ણ ભરપાઈ | | ૨,૫૦,૦૦૦ |
| ૭૫૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, રૂ.૬૦ ભરપાઈ | | ૪,૫૦,૦૦૦ |
| ૫૦૦૦, ૬%ના પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરપાઈ | | ૫,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો: નફા-નુકસાન ખાતું | | (૩,૫૦,૦૦૦) |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૧૦%નાં ડિબેન્ચર | | ૨,૫૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં : | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | ૩,૬૨,૫૦૦ |
| (બ) અન્ય ચાલુ દેવાં : ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | | ૧૨,૫૦૦ |
| કુલ સરવાળો | | ૧૪,૭૫,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br>(૧) દૃશ્ય મિલકતો : જમીન-મકાન | | ૩,૦૦,૦૦૦ |
| ફર્નીચર | | ૬,૦૦,૦૦૦ |
| (૨) અદૃશ્ય મિલકતો: પેટન્ટ્સ | | ૧,૨૫,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | | ૧,૫૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં: દેવાદારો | | ૨,૨૫,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો: રોકડ અને બેંક બાકી | | ૭૫,૦૦૦ |
| કુલ સરવાળો | | ૧૪,૭૫,૦૦૦ |

લિક્વિડેટર તેણે ઉપજાવેલી રોકડ અને બૅન્ક સિવાય મિલકતોની (ચોખ્ખી) ઊપજના ૩% ,પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% લેખે કમિશન મેળવવા હકદાર છે.

મિલકતોના નીચે મુજબ ઊપજ્યા :

જમીન-મકાન- ૫,૦૦,૦૦૦, પેટન્ટ્સ-૮૦,૦૦૦, ફર્નીચર- ૪,૦૦,૦૦૦,સ્ટૉક-૧,૨૫,૦૦૦અને દેવાદારો-૨,૨૫,૦૦૦

લિક્વિડેશન ખર્ચ  રૂ.૩૦,૦૦૦ છે.લેણદારોમાં રૂ.૩૭,૫૦૦ના પસંદગીના લેણદારોનો તથા રૂ.૧,૨૫,૦૦૦ની  જમીન-મકાનના તારણ પરની લોનનો સમાવેશ થાય છે. પ્રેફરન્સ શેર પર ૨ વર્ષનું ડીવીડન્ડ ચૂકવવાનું બાકી હતું. લિકિવડેટરના હિસાબોનું છેવટનું પત્રક તૈયાર કરો.

૯. વિનસ લિ.નું તા.૩૧-૦૩-૨૦૨૫ ના રોજ વિસર્જન કરવામાં આવ્યું. તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : ૧૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, પૂર્ણ ભરપાઈ | | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૫,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, રૂ.૬૦ ભરપાઈ | | ૯,૦૦,૦૦૦ |
| ૧૫,૦૦૦, ૧૦%ના પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરપાઈ | | ૧૫,૦૦,૦૦૦ |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૧૫%નાં ડિબેન્ચર | | ૨૦,૦૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં : | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | ૬૦,૦૦,૦૦૦ |
| (બ) અન્ય ચાલુ દેવાં : ડિબૅન્ચર પર ચઢેલ વ્યાજ | | ૧,૫૦,૦૦૦ |
| કુલ સરવાળો | | ૧,૧૫,૫૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br>(૧) દૃશ્ય મિલકતો : ફર્નિચર | | ૧૦,૦૦,૦૦૦ |
| મકાન | | ૫૦,૦૦,૦૦૦ |
| યંત્ર | | ૧૦,૦૦,૦૦૦ |
| (બ) બિન-ચાલુ રોકાણો | | ૨૦,૦૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | | ૨૦,૦૦,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો: બેંક બાકી | | ૫,૫૦,૦૦૦ |
| કુલ સરવાળો | | ૧,૧૫,૫૦,૦૦૦ |

લિક્વિડેટર વધારાની માહિતી:

(૧) ડિબેન્ચરહોલ્ડરોને તા. ૩૦-૪-૨૦૨૫ ના રોજ ચૂકવવામાં આવે છે.

(૨) લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

(અ) આવકવેરો તા. ૩૧-૩-૨૦૨૪  અને તા. ૩૧-૩-૨૦૨૫  ના રોજ પૂરા થતા વર્ષ માટે અનુક્રમે રૂ. ૧,૫૦,૦૦૦ અને રૂ. ૧,૦૦,૦૦૦

(બ) પાણી અને વીજળીનાં બિલો રૂ. ૧,૦૦,૦૦૦

(ક) ૧૦ કારકુનનો છેલ્લા ત્રણ મહિનાનો માસિક પગાર દરેકને રૂ.૫૦,૦૦૦

(ડ) રોકાણો અને ફર્નીચર પર ગીરો લોન અનુક્રમે રૂ.૮,૦૦,૦૦૦ અને રૂ.૨,૫૦,૦૦૦

(3) મિલકતોની ઊપજ કિંમત નીચે મુજબ છે :

| મિલકતો | રકમ |
|---|---|
| રોકાણો | ૬,૫૦,૦૦૦ |
| ફર્નીચર | ૭,૦૦,૦૦૦ |
| મકાન | ૪૦,૦૦,૦૦૦ |
| યંત્રો | ૩,૦૦,૦૦૦ |
| સ્ટોક | ૫,૦૦,૦૦૦ |

(૪) વિસર્જન ખર્ચ રૂ. ૫૦,૦૦૦ થયેલ છે.

લિક્વિડેટરને તેણે મિલકતોની ઉપજાવેલ કિંમત પર ૪% તથા પસંદગીના લેણદારો સિવાયના બિન સલામત લેણદારોને ચૂકવેલ રકમ પર ૨% મહેનતાણું આપવાનું છે. ગીરો મિલ મિલકતોનું વેચાણ લિક્વિડેટરે કરેલ છે.

ઉપરની વિગતો પરથી લિક્વિડેટરનું આવક-જાવક દર્શાવતું પત્રક તૈયાર કરો.

૧૦. પ્રમાદ લિ.નું તા.૧-૦૪ -૨૦૨૫ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : | | |
| ઈક્વિટી શેર મૂડી | | ૬,૦૦,૦૦૦ |
| ૧૨%ની પ્રેફરન્સ શેરમૂડી | | ૪,૦૦,૦૦૦ |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૧૨%ના ડિબેન્ચર્સ | | ૨,૦૦,૦૦૦ |
| ફર્નિચર સામે ગીરો લોન | | ૧,૬૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં: (અ) વેપારી દેવાં: લેણદારો | | ૩,૬૬,૦૦૦ |
| (બ)ટૂંકા ગાળાના ઉછીનાં નાણાં: બેંક ઓવરડ્રાફ્ટ સ્ટોક સામે | | ૧,૮૦,૦૦૦ |
| (ક) અન્ય ચાલુ દેવાં : કામદારનો બાકી પગાર | | ૪,૦૦૦ |
| છુટા થયેલ કર્મચારીઓનો બાકી રજાનો પગાર | | ૩૦,૦૦૦ |
| (ડ) ટૂંકા ગાળાની જોગવાઈઓ: કામદારનું બાકી પેન્શન | | ૨૦,૦૦૦ |
| કર્મચારી ની ગ્રેજ્યુઈટી | | ૪૦,૦૦૦ |
| કુલ સરવાળો | | ૨૦,૦૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br>(૧) દૃશ્ય મિલકતો : ફર્નિચર | | ૧,૯૦,૦૦૦ |
| યંત્ર | | ૩,૬૦,૦૦૦ |
| જમીન-મકાન | | ૧૦,૨૯,૧૬૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | | ૩,૫૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં: દેવાદારો | | ૩૮,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો: બેંક બાકી | | ૩૨,૮૪૦ |
| કુલ સરવાળો | | ૨૦,૦૦,૦૦૦ |

વધારાની માહિતી:

૧. મિલકતોની ઊપજ કિંમત નીચે મુજબ છે :

| મિલકતો | રકમ |
|---|---|
| યંત્રો | ૪,૦૦,૦૦૦ |
| જમીન- મકાન | ૧૩,૬૦,૦૦૦ |
| સ્ટોક | ૨,૦૨,૦૦૦ |
| દેવાદારો | ૩૮,૦૦૦ |

૨. લિક્વિડેશન ખર્ચ રૂ. ૨૪,૭૪૦

૩. પ્રેફરન્સ શેર પર ૧ વર્ષનું ડીવીડન્ડ ચૂકવવું.

૪. બધી જ જવાબદારીઓ ૩૦-૦૪-૨૦૨૫ ના રોજ ચૂકવવામાં આવી.

૫. ગીરો લોનના લેણદારોએ ફર્નીચર રૂ. ૨,૦૦,૦૦૦માં વેચી વધારાની રકમ લિક્વિડેટરને પરત કરી.

૬. આર્ટિકલ્સ ઑફ્ ઍસોસિયેશનમાં જોગવાઈ છે તે મુજબ ઇક્વિટી શેરહોલ્ડરોને ચૂકવ્યા પછી જો વધારો રહે તો તે વધારાનો ૪૦% ભાગ પ્રેફરન્સ શૅરહોલ્ડરોને મળે.

૭. લિક્વિડેટરનું મહેનતાણું:

(૧) ઇક્વિટી શૅરહોલ્ડરોને ચૂકવેલી રકમ પર ૧%

(૨) પ્રેફરન્સ શૅરહોલ્ડરોને ચૂકવેલી રકમ પર ૨%

(૩) સલામત લેણદારો પાસેથી મળેલી રકમ સહિતની મિલકતની ઊપજ પર ૩%

(૪) પસંદગીના લેણદારોને ચૂકવેલી રકમ પર ૪%

(૫) પસંદગીના લેણદારો સિવાયના અન્ય બિનસલામતલેણદારોને ચૂકવેલી રકમ પર ૫%

૧૧. ધારા લિમિટેડનું તા. ૩૧-૩-૨૦૨૫ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું. આપેલ વિગતો પરથી લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો :

(૧) ભરપાઈ થયેલી શેરમૂડી :

૧,૦૦૦, ૧૦%ના ક્યૂમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર, દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરપાઈ- રૂ.૧,૦૦,૦૦૦

૨,૦૦૦ ઈક્વિટી શેર, દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરાયેલ-રૂ.૨,૦૦,૦૦૦

૩,૦૦૦ ઈક્વિટી શેર, દરેક રૂ. ૧૦૦નો શેરદીઠ રૂ. ૮૦ ભરાયેલ-રૂ.૨,૪૦,૦૦૦

(૨) લિક્વિડેટરનું મહેનતાણું રૂ. ૧૪,૦૦૦.

(મિલકતોની ઊપજના ૨% તથા પસંદગીના લેણદારો સહિતના બિનસલામત લેણદારોને રકમના ૩% લેખે રૂ. ૩૦૦૦ સહિત).

(૩) પસંદગીના લેણદારો રૂ. ૨૦,૦૦૦.

(૪) રોકડ સિલક રૂ. ૧૫,૦૦૦

(૫) વિસર્જન ખર્ચ મિલકતોની ઊપજના ૨%

(૬) ૧૦%ના ડિબેન્ચર રૂ. ૧,૦૦,૦૦૦,(રકમની ચુકવણી તા. ૩૦-૯-૨૦૨૪ના રોજ કરવામાં આવી હતી.)

(૭) પ્રેફરન્સ શેરો પર બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી હતું.

૧૨. હિંદુસ્તાન લિ.નું તા.૩૧-૧૨-૨૦૨૫ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે:

| વિગત | નોંધ | રૂ. |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળો:<br>(અ) શેરમૂડી : ૨૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, પૂર્ણ ભરપાઈ | | ૨,૦૦,૦૦૦ |
| ૨૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો, રૂ.૭૫ ભરપાઈ | | ૧,૫૦,૦૦૦ |
| ૧૦૦૦, ૬%ના પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરપાઈ | | ૧,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો: નફા-નુકસાન ખાતું | | (૩,૦૦,૦૦૦) |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : સ્ટોક સામે બેંક લોન -૧,૦૦,૦૦૦ | | ૧,૦૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં : | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | ૩,૫૦,૦૦૦ |
| (બ) અન્ય ચાલુ દેવાં : ચુકવવા પાત્ર આવક વેરો | | ૧૦,૦૦૦ |
| કુલ સરવાળો | | ૬,૧૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br>(૧) દૃશ્ય મિલકતો : ફર્નીચર | | ૧૦,૦૦૦ |
| પ્લાન્ટ-યંત્રો | | ૧,૯૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | | ૧,૨૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં: દેવાદારો | | ૨,૪૦,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો: બેંક બાકી | | ૫૦,૦૦૦ |
| કુલ સરવાળો | | ૬,૧૦,૦૦૦ |

કંપનીનું તારીખ ૧-૦૪-૨૦૨૫ના રોજ વિસર્જન થયું. મિલકતોના ઊપજ્યા : યંત્રો-૧,૬૬,૦૦૦, ફર્નીચર- ૮,૦૦૦,સ્ટૉક-૧,૧૦,૦૦૦અને દેવાદારો-૨,૩૦,૦૦૦. લિક્વિડેશન ખર્ચ રૂ.૪,૦૦૦ છે. લિક્વિડેટર બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના ૨% લેખે કમિશન મેળવવા હકદાર છે. અપૂર્ણ ભરપાઈ શેરની રકમ મંગાવવામાં આવી પરંતુ ૨૦૦ શેર પર રકમ મળેલ નથી. લિક્વિડેટરના હિસાબોનું છેવટનું પત્રક તૈયાર કરો.

ઉધના કોલેજ ૨૦૨૫-૨૬